# ગુજરાત અર્બન કો ઓપરેટીવ બેન્કસ ફેડરેશન

કો ઓપરેટીવ બેન્કસ ભવન, આશ્રમ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૯.
ફોન નં. – ૨૬૫૮૯૧૫૯, ૨૬૫૮૯૧૭૯, ફેકસ નં. – (૦૭૯) ૨૬૫૮૪૯૦૧
વેબસાઈટ–www.gujfed.com, ઈ-મેલ : gujfed@gmail.com


---

ક્રમાંક : જીયુસીબીએફ/૪૦/૬૪૭ તા.૩૧/૧૦/૨૦૧૪

રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના તા. ૧૫-૦૯-૨૦૧૪ ના પરિપત્ર યુબીડી.બીપીડી.સીઆઈઆર. નં.: ૧૪/૧૨.૦૫.૦૦૧/૨૦૧૪-૧૫ નો સંક્ષિપ્ત ભાવાર્થ અને મુક્ત અનુવાદ. અર્થઘટન અને અમલીકરણ માટે અંગ્રેજી પરિપત્રનો આધાર લેવો આવશ્યક છે.

(આર. એન. જોષી)

ચીફ એકઝીકયુટીવ ઓફિસર

---

સંદર્ભ : યુબીડી.બીપીડી.સીઆઈઆર નં : ૧૪/૧૨.૦૫.૦૦૧/૨૦૧૪-૧૫ તા. ૧૫/૦૯/૨૦૧૪

## "નિષ્ક્રિય ખાતાઓ"

બેન્કોમાં અનક્લેમ્ડ્ ડીપોઝીટ્સ/નિષ્ક્રિય ખાતાઓ વિષે અમારા તા. ૦૧/૦૧/૨૦૦૮ ના પરિપત્ર યુબીડી.બીપીડી.(પીસીબી).સીઆઈઆર નં. : ૯/૧૩.૦૧.૦૦૦/૨૦૦૮-૦૯ ના ફકરા ૨ (IV) ને વંચાણમાં લેશો, સેવિંગ્સ તેમજ ચાલુ ખાતાના સંદર્ભમાં બે વરસના સમયગાળામાં જો ટ્રાન્ઝેક્શન ના થયા હોય તો ઈનઓપરેટીવ/ડોરમન્ટ તરીકે ગણવા પડશે. વધુમાં, ફકરા ૨ (VI) ના સંદર્ભમાં ખાતાને ઈનઓપરેટીવ તરીકે વર્ગીકૃત કરવાના હેતુ માટે, બંને પ્રકારના ટ્રાન્ઝેક્શન, એટલે કે ઉધાર તથા જમા જે ખાતેદાર અથવા ત્રાહિત (થર્ડ પાર્ટી) દ્વારા થયેલ હોય તેને ગણતરીમાં લેવાશે.

૨. એવા કિસ્સાઓ હોઈ શકે જ્યાં સેવિંગ્સ બેંક એકાઉન્ટસમાં ડીવીડન્ડ જમા કરવા માટે જો ગ્રાહકે આદેશ (મેન્ડેટ) આપેલા છે અને સેવિંગ્સ બેન્ક એકાઉન્ટમાં અન્ય ઓપરેશન્સ થતા નથી. એવા આશંકાઓ ઉપસ્થિત થઈ છે કે શું આવા ખાતાઓ બે વરસ પછી ઈનઓપરેટીવ તરીકે ગણવા જોઈએ.

૩. આ સંબંધમાં, અમે સ્પષ્ટતા કરીએ છીએ કે, ગ્રાહકના મેન્ડેટ પ્રમાણે સેવિંગ્સ બેન્ક એકાઉન્ટસમાં જ્યાં સુધી શેર્સ ઉપરનું પર ડીવીડન્ડ જમા થાય છે, તો તે ગ્રાહક દ્વારા થયેલું ટ્રાન્ઝેક્શન ગણાશે. આ પ્રમાણે, સેવિંગ્સ બેન્ક એકાઉન્ટમાં જ્યાં સુધી ડીવીડન્ડ જમા થાય છે ત્યાં સુધી ખાતાને ઓપરેટીવ એકાઉન્ટ તરીકે ગણવામાં આવશે. ડીવીડન્ડની છેલ્લી જમા એન્ટ્રીની તારીખથી બે વરસ બાદ સેવિંગ્સ બેંક એકાઉન્ટ ઈનઓપરેટીવ એકાઉન્ટ તરીકે ગણી શકાશે, ગ્રાહક દ્વારા ટ્રાન્ઝેક્શન ના થયેલ હોય તો.

આપનો વિશ્વાસુ,
સહી –
(એ. કે. બેરા)
પ્રિન્સીપાલ ચીફ જનરલ મેનેજર